# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વલસાડ

શ્રમજીવી વિદ્યામંડળ(પ્રાથમિક વિભાગ), તિથલ રોડ, વલસાડ

ફોન નં. (૦૨૬૩૨) ૨૫૪૨૨૮, ફેક્ષ નં. (૦૨૬૩૨) ૨૫૪૨૨૮

ઈ-મેઈલ :- valsaddeooffice@gmail.com,deovalsad2425@gmail.com

તા:- ૦૫ /૦૪/૨૦૨૪

જાવક નં./પ્રા-૧/૨૦૨૪/ ૫૨૭૬

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક, ઉ.માધ્યમિક શાળા(તમામ)

સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ

જિ. વલસાડ

**વિષય :- ગુજરાત સ્ટેમ ક્વિઝ 3.0 અંતર્ગત વિધાર્થીઓને ભાગ લેવા બાબત**

સંદર્ભ: સં.શિ.નિ.મા.ગુ.રા.,ગાંધીનગરના પત્ર ક્રમાંક:ધ/માધ્ય/પરચ/૨૦૨૪/૪૦૦૮-૪૦૪૨,તા.03/૦૪/૨૪

જય વિજ્ઞાન સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ (DST)ના પેટાવિભાગ ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલૉજી (GUJCOST) ગાંધીનગર દ્વારા ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિધાર્થીઓ માટે સાયન્સ, ટેક્નોલૉજી,એન્જિનિયરિંગ અને મેથેમેટીક્સ(STEM) ક્વિઝ ૩.૦ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.આ STEM Quiz ૩.૦ની ઔપચારિક જાહેરાત વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ દ્વારા ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ કરવામાં આવી હતી. ચાલુ વર્ષે વલસાડ જિલ્લામાં આ ક્વિઝની જવાબદારી જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર-નવસારીને સોપવામાં આવેલ છે.

- આ ક્વિઝ જિલ્લા સ્તરની સ્પર્ધા ઓનલાઇન માધ્યમથી યોજવામાં આવશે. રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા ઓફલાઇન માધ્યમથી યોજવામાં આવશે. આ ક્વિઝ સ્પર્ધા ગુજરાતી/અંગ્રેજી ભાષામાં રહેશે.
- આ ક્વિઝમાં કોઇપણ બોર્ડ અથવા માધ્યમના ધોરણ ૯ થી ૧૨ના વિધાર્થીઓ ભાગ લઇ શકે છે. કોઈપણ પ્રકારની નોંધણી ફી રાખવામાં આવેલ નથી.
- આ ક્વિઝમાં વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (STEM) ક્ષેત્રે હાલના વિકાસ અને વલણો પર આધારિત પ્રશ્નો પૂછવામાં આવશે. ક્વિઝના પ્રશ્નો મુખ્યત્વે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના રહેશે.
- આ સ્પર્ધા અંતર્ગત વિધાર્થીઓને ૨ કરોડ સુધીના ઇનામો આપવામાં આવશે અને અંતિમ સ્પર્ધામાં પસંદ પામેલા દરેક વિધાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે.ઇનામની રકમ ઉપરાંત આ કાર્યક્રમના ભાગરૂપે વિજેતા વિદ્યાર્થીઓ બુટકેમ્પમાં ભાગ લઈ શકશે તેમજ સાયન્સ સીટી, ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન, ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન અને ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર જેવી અગ્રણી વૈજ્ઞાનિક સંસ્થાઓની મુલાકાત લેશે.
- આ ક્વિઝ સ્પર્ધામાં ભાગ લેવા માટે વિધાર્થીઓએ ૩૦ એપ્રિલ ૨૦૨૪ સુધીમાં www.stemquiz.gujrat.gov.in પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
- વધુ માહિતી માટે જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર- નવસારી મો.-૯૦૩૩૧૯૦૨૪૭,૮૧૬૦૦૩૮૭૫૦,૯૭૧૨૬૫૬૭૪૨ પર સંપર્ક કરવો.

નોંધ- ઉપરોક્ત ક્વિઝ સ્પર્ધામાં જિલ્લાની શાળાના ધો ૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિધાર્થીઓ ફરિજીયાત ભાગ લે તે માટેનું આયોજન આપની કક્ષાએથી કરવાનું રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી

વલસાડ, જિ. વલસાડ

સામેલ -

પત્રક- સં.શિ.નિ.મા.ગુ.રા.,ગાંધીનગરના પત્ર ક્રમાંક:ધ/માધ્ય/પરચ/૨૦૨૪/૪૦૦૮-૪૦૪૨,તા.03/૦૪/૨૪

**ક્રમાંક:** ધ/માધ્ય/પરય/૨૦૨૪/ ૪૦૦૧ - ૪૦૪૨

કમિશનર,શાળાઓની કચેરી.
વિધા સમીક્ષા કેંદ્ર સે-૧૯,
ગુ.રા.ગાંધીનગર.
**તારીખ: ૩ /04/2024.**

**પ્રતિ,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**
**તમામ.**

**વિષય: "GUJARAT STEM QUIZ 3.0" PROGRAMME BY Gujarat Council on Science and Technology (GUJCOST).**
**સંદર્ભ: GUJCOST No. GUJCOST/STEM/2023-24/5265(B), Date. 18/03//2024**

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, ગાંધીનગર દ્વારા ગુજરાત સ્ટેમ ક્વિઝ ૩.૦ નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્ટેમ કવીઝની ઔપચારિક જાહેરાત ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગના માનનીય અગ્ર સચિવશ્રીના વરદ હસ્તે ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસના અવસર પર કરવામાં આવી હતી. ગુજરાત સ્ટેમ ક્વિઝનું ધ્યેય વિદ્યાર્થીઓમાં સાયન્સ, ટેક્નોલોજી, ઇજનેરી અને ગણિત (સ્ટેમ) ક્ષેત્રે ઉત્સાહ વધારવાનું અને પ્રેરણા આપવાનું છે. આ વખતે આ ક્વિઝ તમામ રાજ્યોની ભાગીદારી સાથે રાષ્ટ્રીય સ્તરની ઇવેન્ટ હશે. જેથી તમામ રાજ્યના વિદ્યાર્થીઓમાં સ્ટેમ બાબતે ભાગ લેવામાં, જ્ઞાનમાં અને જાગૃતિમાં અભિવૃદ્ધિ થશે.

ભારતના તમામ રાજ્યના વિધાર્થીઓ આ કવીઝમાં ભાગ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ પ્રવૃતિમાં શાળાના વિધાર્થીઓ ભાગ લઈ શકે તે હેતુથી રાજ્યના તમામ જિ.શિ.અ.શ્રીઓને જાણ કરવામાં આવે છે. અને ચાલુ વર્ષ દરમિયાન આ કવીઝમાં રાજયની તમામ શાળાઓના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવામાં આવે તેમજ આ કાર્યક્રમ અંગે વિશેષ માહિતી મેળવવા માટે જીલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા ગુજકોસ્ટ કચેરીનો સંપર્ક કરવા વિનંતી.

૧. **આ કવીઝની જીલ્લા સ્તરની સ્પર્ધા ઓનલાઇન માધ્યમથી યોજવામાં આવશે. રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા ઓફલાઇન માધ્યમથી યોજવામાં આવશે. કવીઝની ભાષા ગુજરાતી / અંગ્રેજી હશે.**
૨. **આ ક્વિઝમાં ભારત દેશના તમામ રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશના કોઈપણ બોર્ડ અથવા માધ્યમના ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકે છે. કોઈ પણ પ્રકારની નોંધણી ફી રાખવામાં આવેલ નથી.**
૩. **સાયન્સ, ટેક્નોલોજી, ઇજનેરી અને ગણિત (સ્ટેમ) ક્ષેત્રે હાલના વિકાસ અને વલણો પર આધારિત પ્રશ્નો પૂછવામાં આવશે. ક્વિઝના પ્રશ્નો મુખ્યત્વે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના રહેશે.**
૪. **આ પ્રતિયોગિતા અંતર્ગત વિધાર્થીઓને ૨ કરોડ સુધીના ઈનામો આપવામાં આવશે અને અંતિમ સ્પર્ધામાં પસંદ પામેલા દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે. ઈનામની રકમ ઉપરાંત આ કાર્યક્રમના ભાગરૂપે વિજેતા વિધાર્થીઓ નેશનલ ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે બુટકેમ્પમાં ભાગ લઈ શકશે તેમજ સાયન્સ સિટી, ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન, ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન અને ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર જેવી અગ્રણી વૈજ્ઞાનિક સંસ્થાઓની મુલાકાત લેશે.**
૫. **વધુ માહિતી અને ક્વિઝનું રજીસ્ટ્રેશન: www.stemquiz.gujarat.gov.in પરથી કરવાનું રહેશે. STEM Quiz ૩.૦ ના રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૨૪ છે.**

ઉપરોકત ક્વિઝમાં રાજ્યની દરેક શાળાના ધોરણ ૯ થી ૧૨ ના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જોડાય અને ભાગ લે તે માટે દરેક શાળાએ યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે. તેમજ વિદ્યાર્થીઓનો આ સ્પર્ધામાં સારૂ પ્રદર્શન કરે તે માટેના જરૂરી પ્રયત્નો હાથ ધરવાના રહેશે. રાજ્યના તમામ જિ.શિ.અ.શ્રીઓને પોતાના જીલ્લામાંથી વધુમાં વધુ બાળકો જોડાય તે અંગે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

જિ. શિ. ...કચેરી,
વલસાડ.
ઈનવર્ડ નં:- ૭૦૬
તારીખ:- ૫-૪-૨૪
સહી:-

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક,
ગુજરાત રાજય, ગાંધીનગર.

<u>નકલ રવાના જાણ સારૂ :-</u>

- સલાહકારશ્રી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, ગુજરાત સરકાર, બ્લોક-બી, ૭મો માળ, બહુમાળી ભવન,સેકટર-૧૧, ગાંધીનગર: **૩૮૨૦૧૧**